# મીઠાશ પીરસતી ૨૪ કેરેટ મીઠાઈ મેજિક



**રોહન મીઠાઈવાળા**

**૨૪ કેરેટ મીઠાઇ મેજિક**

**રિશ્તો મેં જો પ્યાર બઢા દે, હર એહસાસ કો પ્યાર બના દે**
**રિશ્તો કો જો સાથ મેં લા દે, હમ હૈ હર પરિવાર કી મીઠાશ**
**હમ હૈ હમારે દેશ કી મીઠાશ, હમ હૈ હિન્દુસ્તાન કી મીઠાશ**
**વી આર ૨૪ કેરેટ મીઠાઇ મેજિક, ખાતે હી દિવાના બના દે**

સુરતીઓ ખાવાના શોખીન છે એ વાત તો જગજાહેર છે અને એટલે જ સુરતમાં આવકનો એક મોટો સ્ત્રોત ખાવાપીવાની વસ્તુઓમાંથી આવે છે. આવા ફૂડી સુરતીઓમાં પાછલાં ૮૩ વર્ષથી પ્રેમથી મીઠાશ પીરસે છે ૨૪ કેરેટ મીઠાઇ મેજિક.

સુરતમાં મીઠાઇના વેચાણ માટે સૌથી વધુ જાણીતી ૨૪ કેરેટ મીઠાઇ મેજિકનો પાયો આજથી ૮૩ વર્ષ પહેલાં નંખાયો હતો. ધનસુખલાલ મીઠાઇવાળાએ મીઠાઇનો ધંધો શરૂ કરવાનું વિચાર્યું. તે સમયે આજના જેટલી મીઠાઇની દુકાનો ન હતી. ધનસુખભાઇએ પોતાની મીઠાઇની દુકાન ખોલવા માટે સુરતના તે સમયે પણ સૌથી વધુ ભીડભાડવાળા કહી શકાય તેવા ચૌટાબજારની પસંદગી કરી. શરૂઆતમાં માત્ર એક જ શોપ હતી. ૨૪ કેરેટ મીઠાઇ મેજિક ધીરે ધીરે લોકોના હૃદયમાં પોતાનું સ્થાન બનાવવા લાગ્યું. ધનસુખભાઇ મીઠાઇવાળા બાદ તેમના પુત્ર કિશોરભાઇ અને મુકેશભાઇએ પિતાના વ્યવસાયને પોતાની સૂઝબૂઝથી આગળ ધપાવ્યો. બંને ભાઇઓએ દીર્ઘદૃષ્ટિ વાપરી બજારના વલણને સમજી પોતાના વ્યવસાયનું વિસ્તરણ કર્યું. તેમણે નફા કરતાં વધારે બેસ્ટ ક્વૉલિટી, બેસ્ટ ટેસ્ટ અને ન્યૂ ઇનોવેશન પર ધ્યાન આપ્યું. ધીરે ધીરે તેમની લોકપ્રિયતા વધવા લાગી. ડિમાંડ વધતા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૨૪ કેરેટ મીઠાઇ મેજિકની શાખાઓ ખોલી અને તેને પણ લોકોનો એટલો જ પ્રેમ અને સહકાર મળ્યો. આજે ૨૪ કેરેટ મીઠાઇ મેજીકની સુરત શહેરમાં પાંચ શાખાઓ છે. હાલ ધનસુખભાઇની ત્રીજી પેઢી રોહનભાઇ મુકેશભાઇ મીઠાઇવાલા અને બ્રિજભાઇ કિશોરભાઇ મીઠાઇવાળા આ બિઝનેસનું સંચાલન કરે છે.

૨૪ કેરેટ મીઠાઇની સફળતા પાછળ તેની નવી નવી વેરાઇટીનું ખૂબ જ મહત્ત્વ રહ્યું. સુરતની સૌથી જાણીતી મીઠાઇ અને સુરતની ઓળખ સમાન ઘારી જે પહેલાં બે કે ત્રણ જ વેરાયટીમાં આવતી હતી તેમાં પણ ૨૪ કેરેટે નવા નવા પ્રયોગો કર્યા. જેને સુરતીઓએ સહર્ષ સ્વીકાર્યા. ચંદની પડવા નિમિત્તે સુરતીઓ સૌથી વધુ મીઠાઇ ઝાપટી જાય છે. જેને ધ્યાનમાં રાખીને પહેલેથી જ તૈયારીઓ શરૂ થઇ જાય છે. શુધ્ધ ઘીમાં ફ્રાઇ થતી આ ઘારીની ૨૪ કેરેટમાં ૧૦ થી ૧૨ પ્રકારની વેરાયટીઓ મળી રહે છે. તે સિવાય જુદા જુદા પ્રસંગો અને તહેવારોમાં પણ મીઠાઇની ડિમાંડ વધી જાય છે. ત્યારે ગ્રાહકોની માંગને પહોંચી વળવા સાથે તેમને જુદા જુદા મીઠાઇના ટેસ્ટ પણ ૨૪ કેરેટ મીઠાઇ મેજિકમાં મળી રહે છે. ૨૪ કેરેટ મીઠાઇ મેજિક માત્ર સ્વાદનું જ નહીં લોકોના સ્વાસ્થ્યનું પણ પૂરેપૂરું ધ્યાન રાખે છે. જેમ કે નોર્મલ લોકો તો ગમે તે મીઠાઇ ખાઇ શકે છે પરંતુ ડાયાબિટીસ જેવા રોગથી પીડાતા લોકો અંતરની ઇચ્છા હોવા છતાં મીઠાઇનો સ્વાદ માણી શકતા નથી. ૨૪ કેરેટ મીઠાઇ મેજિકે આવા લોકોના દર્દને અનુભવ્યું અને તેમના માટે પણ અલગથી સ્પેશિયલ મીઠાઇ બનાવી. જેથી કમને મીઠાઇથી દૂર ભાગતા લોકોના જીવનમાં મીઠાશ ફેલાય. આજે ૨૪ કેરેટ મીઠાઇ મેજિકમાં સુગર ફ્રી મીઠાઇઓની પણ વિવિધ વેરાયટી સાથે મોટી ડિમાંડ રહે છે.

૨૪ કેરેટ મીઠાઇ મેજિકના ભવિષ્યના પ્લાન અંગે રોહનભાઇ મીઠાઇવાળા જણાવે છે કે,' ગુણવત્તા એ કોઇ કલા નથી, તે એક આદત છે અને છેલ્લાં ૮૩ વર્ષોથી ૨૪ કેરેટ મીઠાઇ મેજિકે આ આદતને જાળવી રાખી છે. જેથી અમે લોકોના હૃદયમાં વિશ્વાસ કાયમ કરી શક્યા છે. હાલ ડિજીટલ ઇન્ડિયાની ડિમાંડને જોતા અમે ભવિષ્યમાં ઓનલાઇન શોપ ખોલવાનું પ્લાનિંગ કરી રહ્યાં છે. તેને પણ એટલો જ લોકોનો પ્રેમ મળશે તેવો અમને વિશ્વાસ છે.'

**૨૪ કેરેટ મીઠાઇ મેજિક માત્ર સ્વાદનું જ નહીં લોકોના સ્વાસ્થ્યનું પણ પૂરેપૂરું ધ્યાન રાખે છે.**

વધુ જાણવા QR સ્કેન કરો



Pearls don't lie on the seashore.If you want one, you must dive for it. - Chinese proverb